1. ભારતનો આંતરિક વ્યાપાર એટલે શું?

- ભારતના રાજ્ય રાજ્ય વચ્ચે કે વિસ્તાર વિસ્તાર વચ્ચે થતી સેવા અને ચીજવસ્તુઓની આપલેને ભારતનો આંતરિક વ્યાપાર થઈ છે. ગુજરાતનું ખાદ્ય તેલ મહારાષ્ટ્ર ખરીદે અથવા પંજાબની ઘઉં તમિલનાડુ ખરીદે તો તે આંતરિક વ્યાપાર કહેવાય છે.

2. ડ્રેજિંગ એટલે શું?

- નદી પ્રવાહની સાથે તણાઈને આવતા કાંપથી નદીબંદર આગળ નદી તળની ઊંડાઈ ઘટી જાય છે. કેટલીક વાર ભરતીના કારણે તણાઈ આવતા કાંપથી નદીબંદર આગળ નદી તળની ઊંડાઈ ઘટી જાય છે, ત્યારે નદીબંદર સુધી વહાણો લાવવામાં મુશ્કેલી ઊભી થાય છે. નદી તળની ઊંડાઈ જાળવી રાખવા નદીબંદર આગળનો કાંપ ખસેડવા વારંવાર ફેજિંગ કરવું પડે છે. નદીબંદર આગળનો કાંપ હટાવવાની પ્રક્રિયાને ફેજિંગ કહે છે.'

3. વ્યાપાર એટલે શું? તેના પ્રકાર લખો.

- વિશ્વના લોકોની જુદી જુદી ચીજવસ્તુઓની જરૂરિયાતો. સંતોષવા તેમજ જરૂરી સેવાઓ પૂરી પાડવા માટે ચીજવસ્તુઓ અને સેવાઓની આપલે કરવામાં આવે છે, જેને વ્યાપાર કહે છે.
- વ્યાપારના બે પ્રકાર છે : (1) આંતરિક વ્યાપાર અને (2) આંતરરાષ્ટ્રીય વ્યાપાર.

4. કોલકાતા બંદરે વારંવાર ડ્રેજિંગ કરવું પડે છે. કારણ આપો. (July 18)

- ભારતમાં હુગલી નદી પર આવેલું કોલકાતા નદીબંદર છે. નદી પ્રવાહ સાથે તણાઈ આવતા કાંપ કે ભરતીના કારણે તણાઈ આવતો કાંપ ઠલવાતાં નદીનું તળ છીછરું બની જાય છે. નદી તળની ઊંડાઈ જાળવી રાખવા માટે વારંવાર ડ્રેજિંગ કરવું પડે છે.

5. વ્યાપારી સંઘોની સદસ્યતા પર કઈ બાબતો અસર કરે છે?

- વ્યાપારી સંઘોની સદસ્યતા પર ત્રણ બાબતો અસર કરે છે :
  (1) અંતર, (2) પરંપરાગત સંબંધો અને (3) ભૂરાજનૈતિક સહયોગ

6. ડૉટર શીપ દ્વારા કઈ કામગીરી થાય છે ?

- મધર શીપ (મોટી સ્ટીમર)માંનો માલ નાની ઢીમર (શીપ)માં ભરીને અન્ય નાનાંમોટાં બંદરોએ પહોંચાડવામાં આવે છે.

7. સાર્કનું વડું મથક ક્યાં આવેલું છે?

- સાર્કનું વડું મથક કાઠમંડુમાં આવેલું છે.

8. આદિમ સમાજમાં વ્યાપારનું પ્રારંભિક સ્વરૂપ કઈ વ્યવસ્થા હતી ? (July 18)

- આદિમ સમાજમાં વ્યાપારનું પ્રારંભિક સ્વરૂપ 'વિનિમય વ્યવસ્થા' હતી.

9. વ્યાપાર એટલે શું?

- વસ્તુઓ અને સેવાઓની સ્વૈચ્છિક આપલેને વ્યાપાર કહે છે.

10. આંતરરાષ્ટ્રીય વ્યાપાર કોને કહે છે?

- ચીજવસ્તુઓ અને સેવાઓની આપલે જુદા જુદા દેશોની વચ્ચે થાય છે, ત્યારે તેને આંતરરાષ્ટ્રીય વ્યાપાર કહે છે.

11. આંતરિક વ્યાપાર એટલે શું?

- દેશની અંદર થતી સેવા અને ચીજવસ્તુઓની આપલેને આંતરિક વ્યાપાર કહે છે.

12. જોનબીલ મેળો ક્યાં ભરાય છે? તેની વિશેષતા કઈ છે?

- ગુવાહાટીથી 32 કિમી દૂર જાગી રોડ પાસે જોનબીલ મેળો ભરાય છે. અહીની વસ્તુ વિનિમય વ્યવસ્થા તેની વિશેષતા છે.

13. રેશમ માર્ગ પર પસાર થતા કાફલા કઈ ચીજોનો વ્યાપાર કરતા હતા?

- રેશમ માર્ગ પર પસાર થતા કાફલા રેશમ, લોખંડની સામાન, તેજાના વગેરેનો વ્યાપાર કરતી હતી.

14. વ્યાપાર ક્યારે ઉદ્ભવે છે?

- કોઈ પણ પ્રદેશની સેવાઓ અને ચીજવસ્તુઓના જરૂરિયાતમાંથી વ્યાપાર ઉદ્ભવે છે.

15. વિદેશ વ્યાપારને પ્રોત્સાહન આપવા ભારત સરકારે કે નીતિઓ અપનાવી છે?

- વિદેશ વ્યાપારને પ્રોત્સાહન આપવા ભારત સરકાર ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની નીતિઓ અપનાવે છે.

16. યુરોપ ખંડના કયા દેશો સાથે ભારતનો વિદેશ વ્યાપાર ચાલે છે?

- યુરોપ ખંડના જર્મની, યૂ.કે., ઇટલી, ફ્રાન્સ, પોલેન્ડ, સ્વિડન વગેરે દેશો સાથે ભારતનો વિદેશ વ્યાપાર ચાલે છે.

17. યુરોપીય સંઘે કયું ચલણ પ્રચલિત કર્યું છે?

- યુરોપીય સંઘે યુરો ડૉલર ચલણ પ્રચલિત કર્યું છે.

18. સાર્ક સાથે જોડાયેલા દેશો કયા કયા છે?

- ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન, શ્રીલંકા, અફઘાનિસ્તાન, માલદીવ વગેરે સાર્ક સાથે જોડાયેલા દેશો છે.

19. ગુજરાતના ફેરબદલી માટેના બંદરનું નામ આપો.

➢ સલાયા ગુજરાતનું ફેરબદલી માટેનું બંદર છે.

20. સલાયા બંદરેથી ગુજરાતનાં કયાં બંદરોને માલની ફેરબદલી થાય છે?

➢ સલાયા બંદરેથી ગુજરાતના નવલખી, કંડલા, પોરબંદર, બેડીરોઝી વગેરે બંદરે માલની ફેરબદલી થાય છે.

22. ટ્રેન ફેરી સેવા આપતાં બંદરો કયા દેશમાં છે?

➢ ટ્રેન ફેરી સેવા આપતાં બંદરો જાપાનમાં છે.

23. ગુજરાતના કયા બંદર વચ્ચે ફેરી સર્વિસ ચાલે છે?

➢ ગુજરાતના ઓખા બંદર અને બેટ દ્વારકા વચ્ચે ફેરી સર્વિસ ચાલે

24. ચોક્કસ હેતુઓ માટે કયા પ્રકારનાં બંદરોનો વિકાસ કરવામાં આવે છે ?

➢ પ્રવાસી બંદર, વાણિજ્ય બંદર, નૌસૈનિક બંદર, જહાજબાંધકામ અને સમારકામ માટેનાં બંદરો ચોક્કસ હેતુથી વિકસાવવામાં આવે છે.

25. ફેરબદલી માટેનું બંદર કોને કહે છે?

➢ માલની જે બંદરેથી ફેરબદલી થાય તેવા બંદરને ફેરબદલીનું બંદર કહે છે. જેમ કે, સલાયા (ગુજરાત)

26. માલની ફેરબદલી માટે વપરાતી મોટી સ્ટીમર અને નાની સ્ટીમર કયા નામે ઓળખાય છે ?

➢ માલની ફેરબદલી માટે વપરાતી મોટી સ્ટીમર મધર શીપ (Mother ship) અને નાની સ્ટીમર ડૉટર શીપ (Daughter ship) તરીકે ઓળખાય છે.

27. ફેરીબંદરનાં ઉદાહરણો આપો.

➢ હારબીચ, ડોવર, ફિક્સ્ટોન, ન્યૂ હેવન, લીહાર્વે વગેરે ફેરીબંદરનાં ઉદાહરણો છે.

28. જળમાર્ગ માટેની નહેર કોને કહેવામાં આવે છે?

➢ સમુદ્રો કે મહાસાગરોને જોડતા માનવનિર્મિત જળસ્વરૂપને જળમાર્ગ માટેની નહેર કહેવામાં આવે છે.

29. રાતા અને ભૂમધ્ય સમુદ્રને જોડતી નહેર કયા નામે ઓળખાય છે ?

➢ રાતા અને ભૂમધ્ય સમુદ્રને જોડતી નહેરને સુએઝ નહેરના નામે ઓળખાય છે.

30. પનામા નહેર કયા બે મહાસાગરોને જોડે છે?

➢ પનામા નહેર ઍટલૅન્ટિક અને પૅસિફિક મહાસાગરોને જોડે છે.

31. સેન્ટ લૉરેન્સ નદી કયા મહાસાગરને મળે છે ?

➢ સેન્ટ લૉરેન્સ નદી ઍટલૅન્ટિક મહાસાગરને મળે છે.

32. ઉતારુઓની હેરફેર માટે વિક્ટોરિયા સરોવર પર કયું બંદર વિકસ્યું છે?

➢ ઉતારુઓની હેરફેર માટે વિક્ટોરિયા સરોવર પર કંપાલાબંદર વિકસ્યું છે.

33. વેસર નદી પર આવેલા નદીબંદરનું નામ આપો.

➢ હેમ્બર્ગ કેસર નદી પર આવેલું નદીબંદર છે.

34. ઉરુગ્યે રાઉન્ડ નામે ઓળખાતી વાટાઘાટોને કારણે કઈ સંસ્થાનો જન્મ થયો ?

➢ ઉરુગ્ધ રાઉન્ડ નામે ઓળખાતી વાટાધાટોને કારણે વિશ્વ વ્યાપાર સંગઠન(ઉ્)નો જન્મ થયો.

35. આસિયાન સંગઠનના હેતુ જણાવો.

➢ સભ્યદેશો વચ્ચે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક સંબંધો વિકસાવવા તેમજ ક્ષેત્રીય શાંતિની જાળવણી કરવી એ આસિયાન સંગઠનનો હેતુ છે.

36. આંતરરાષ્ટ્રીય વ્યાપારની બદલાતી તરાહ લખો.

➢ આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં ઔદ્યોગિક વ્યાપારને બદલે સેવાવ્યાપારનું પ્રમાણ વધ્યું છે. કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદનોમાં ઉચ્ચ કોટિનું વિશિષ્ટીકરણ થયું છે અને વૈશ્વિક વ્યાપારમાં ગુણાત્મક વધારો થયો છે. આ રીતે આંતરરાષ્ટ્રીય વ્યાપારની તરાહ બદલાઈ રહી છે.

37. ગેટ (GATT) સમજૂતીના અમલ માટે કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે?

➢ ગેટ (GATT) સમજૂતીના અમલ માટે વિશ્વ વ્યાપાર સંગઠન(WTO)ની સ્થાપના કરવામાં આવી છે.

38. આસિયાન સંગઠનનું વડું મથક ક્યાં આવેલું છે? (March 19)

➢ આસિયાન સંગઠનનું વડું મથક જાકાતમાં આવેલું છે.